vashendriya sthiratma je,
te paame chhe prasannata.—11

paamye prasanntaa tenan,
dukkho sau naash paamtan,
paamyo prasannta teni,
buddhi sheeghra bane sthira.—12.

ayogine nathi buddhi,
ayogine na bhaavana,
na bhaavaheenane shanti,
sukh kyanthi ashaant ne?—13

indriyo vishye dode,
te punthe je vahe mana,
dehini te hare buddhi,
jem vaa naavne jale.—14

tethi jene badhi reete,
raksheli vishayo thaki,
indriyo nigrahe raakhi,
teni pragna thai sthira.—15

ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે
સ્મૃતિલોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે—૧૦

રાગને દ્વેષ છૂટેલી ઇન્દ્રિયો વિષયો ગ્રહે
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા—૧૧

પામ્યે પ્રસન્નતા તેનાં, દુ:ખો સૌ નાશ પામતાં
પામ્યો પ્રસન્નતા તેની બુદ્ધિ શીઘ્ર બને સ્થિર—૧૨

અયોગીને નથી બુદ્ધિ, અયોગીને ન ભાવના
ન ભાવહીનને શાંતિ, સુખ ક્યાંથી અશાન્તને—૧૩

ઇન્દ્રિયો વિષયે દોડે, તે પૂંઠે જે વહે મન
દેહીની તે હરે બુદ્ધિ, જેમ વા નાવને જળે—૧૪

તેથી જેણે બધી રીતે, રોકેલી વિષયો થકી
ઇન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર—૧૫

nisha je sarva bhootoni,
teman jagrata sanyami,
jeman jaage badhan bhooto,
te gnaani mini ni nishaa.—16

sadaa bharaata achala pratishtha
samudraman neer badhan praveshe,
jemaan praveshe sahu kaam tem
te shaanti paame nahi kaamkaami.—17

chhodi ne kaamna sarve,
fare je nara nispruha,
ahanta mamata mooke,
te pame shaanti, bhaarata!—18

aa chhe brahmadasha ene
paamye na mohaman pade,
anta kale ya te raakhi
brahma-nirvaan melve.—19

નિશા જે સર્વ ભૂતોની તેમાં જાગ્રત સંયમી
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા—૧૬

સદા ભરાતા અચલ પ્રતિષ્ઠ
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે
જેમાં પ્રવેશે સહુકામ તેમ
તે શાન્તિ પામે, નહિ કામકામી—૧૭

છોડીને કામના સર્વે, ફરે જે નર નિસ્પૃહ
અહંતા મમતા મૂકે, તે પામે શાન્તિ, ભારત!—૧૮

આ છે બ્રહ્મદશા એને પામ્યે ના મોહમાં પડે
અન્તકાળેય તે રાખી, બ્રહ્મનિર્વાણ મેળવે—૧૯

Raja pada: he prabhu he prabhu

he prabhu he prabhu shun kahun
dinaanaath dayaal
hun to dosh anantnun
bhaajan chhu karunal ...1

shuddha bhaav mujman nathi
nathi sarv tuj roop
nathi lagutaa ke deenata
shun kahun param svaroop ...2

nathi agna gurudevni
achal kari urmanhin
aap tano vishvaas drudh
ne parmadar naahin ...3

jog nathi satsangno
nathi satseva jog
keval arpanta nathi
nathi aashray anuyog ...4

hun paamar shun kari shakun
evo nathi vivek
charan sharan dheeraj nathi
maran sudhini chhek ...5

રાજપદ: હે પ્રભુ હે પ્રભુ

હે પ્રભુ, હે પ્રભુ, શું કહું
દીના નાથ દયાળ
હું તો દોષ અનંતનું
ભાજન છું કરુણાળ — ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી
નથી સર્વ તુજ રૂપ
નથી લઘુતા કે દીનતા
શુ કહું પરમસ્વરૂપ — ૨

નથી આજ્ઞા ગુરુદેવની
અચળ કરી ઉર માંહી
આપ તણો વિશ્વાસ દ્દઢ
ને પરમાદર નાંહી — ૩

જોગ નથી સત્સંગની
નથી સત્સેવા જોગ
કેવળ અર્પણતા નથી
નથી આશ્રય અનુયોગ — ૪

હું પામર શું કરી શકું
એવો નથી વિવેક
ચરણ શરણ ધીરજ નથી
મરણ સુધીની છેક — ૫

achintya tuj mahatmyano
nathi prafullit bhaav
ansha na eke snehno
na male param prabhaav ...6

achal roop aasakti nahin
nahin virahno taap
katha alabhya tuj premni
nahin teno paritaap ...7

bhakti maarg pravesh nahin
nahi bhajan drudh bhaan
samaj nahin nij dharmani
nahi shubha deshe sthaan ...8

kaaldosh kalithi thayo
nahi maryaada dharm
toye nahi vyaakulta
juvo prabhu muj karm ...9

sevane pratikool je
te bandhan nathi tyaag
dehendriya maane nahin
kare baahya par raag ...10

અચિંત્ય તુજ મહાત્મ્યની
નથી પ્રફુલ્લિત ભાવ
અંશ ન એકે સ્નેહની
ન મળે પરમ પ્રભાવ — ૬

અચલ રૂપ આસક્તિ નહીં
નહીં વિરહની તાપ
કથા અલભ્ય તુજ પ્રેમની
નહીં તેનો પરિતાપ — ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહીં
નહીં ભજન દૃઢ ભાન
સમજ નહીં નિજ ધર્મની
નહીં શુભ દેશે સ્થાન — ૮

કાળ દોષ કળિથી થયો
નહીં મર્યાદા ધર્મ
તોય નહીં વ્યાકુળતા
જુઓ પ્રભુ મુજ કર્મ — ૯

સેવાને પ્રતિકૂળ જે
તે બંધન નથી ત્યાગ
દેહેન્દ્રિય માને નહીં
કરે બાહ્ય પર રાગ —૧૦

tuj viyog sfurto nathi
vachan nayanyam nahi
nahi udaas anabhaktathi
tem gruhadik manhi ...11

aham bhaavthi rahit nahi
svadharma sanchay naahi
nathi nivrutti nirmal pane
anya dharmni kaain ...12

em anant prakaarthi
saadhan rahit hun ya
nahi eke sadgun pan
mukh bataavun shun ya ...13

keval karunamutri chho
dinbandhu dinanaath
paapi param anaath chhun
graho parbhuji haath ...14

anatkaalthi aathdyo
vina bhaan bhagvaan
sevya nahi guru sant ne
mukyun nahi abhimaan ...15

તુજ વિયોગ સ્ફુરતો નથી
વચન નયનયમ નાહીં
નહીં ઉદાસ અનભક્તથી
તેમ ગૃહાદિક માંહીં —૧૧

અહંભાવથી રહિત નહીં
સ્વધર્મ સંચય નાહીં
નથી નિવૃત્તિ નિર્મળપણે
અન્ય ધર્મની કાંઈ —૧૨

એમ અનંત પ્રકારથી
સાધન રહિત હું ય
નહીં એક સદ્ગુણ પણ
મુખ બતાવું શું ય — ૧૩

કેવળ કરુણા મૂર્તિ છો
દીનબંધુ દીનાનાથ
પાપી પરમ અનાથ છું
ગ્રહો પ્રભુજી હાથ —૧૪

અનંતકાળથી આથડ્યો
વિના ભાન ભગવાન
સેવ્યા નહીં ગુરુ સંતને
મૂક્યું નહીં અભિમાન —૧૫

sant charan aashrya vina
saadhan karyan anek
paar na tethi paamiyo
ogyo na ansh vivek ...16

sahu saadhan bandhan thayan
rahyo na koi upaay
sat saadhan samajyo nahi
tyan bandhan shun jaay ...17

prabhu prabhulay laagi nahi
padyo na sadguru paay
ditha nahi nij dosh to
tariye kon upaay ...18

adhamadham adhiko patit
sakal jagatman huny
e nishchay aavya vina
saadhan karshe shuny ...19

padi padi tuj pad-pankaje
fari fari maagun ej
sadguru sant svaroop tuj
e drudhta kari dej ...20

સંત ચરણ આશ્રય વિના
સાધન કર્યાં અનેક
પાર ન તેથી પામિયો
ઊગ્યો ન અંશ વિવેક —૧૬

સહુ સાધન બંધન થયાં
રહ્યો ન કોઈ ઉપાય
સત સાધન સમજ્યો નહીં
ત્યાં બંધન શું જાય —૧૭

પ્રભુ પ્રભુલય લાગી નહીં
પડ્યો ન સદ્ગુરુ પાય
દીઠા નહીં નિજદોષ
તરીએ કોણ ઉપાય —૧૮

અધમાધમ અધિકો પતીત
સકલ જગતમાં હુંય
એ નિશ્ચય આવ્યા વિના
સાધન કરશે શુંય —૧૯

પડીપડી તુજ પદ-પંકજે
ફરીફરી માગું એ જ
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ
એ દૃઢતા કરી દેજ —૨૦

●

Bhajans

mangal mandir kholo

THIS IS BY A RECENT POET, KAVI NRUSINHARAO DIVATIA. THE POET WROTE THIS SONG IN MEMORY OF THE TRAGIC DEATH OF HIS YOUNG SON. A CHILD KNOCKS AT THE DOOR OF THE LORD GOD SEEKING TO ENTER THE ETERNITY.

mangal mandir kholo
dayamay mangal mandir kholo—repeat

jeevan van ati vege vataavyun
dvar ubho shishu bholo
timir gayun ne jyoti prakashyo
shishune urman lyo lyo—1
naam madhur tam ratyo nirantar
shishu sah preme bolo
divya trushatur aavyo balak
prem amiras dholo—2

ભજનો

મંગલ મંદિર ખોલો

આ આધુનિક ભજન છે. કવિ નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાએ આ કાવ્ય એમના પુત્રના અકાળ અવસાન પ્રસંગે લખ્યું હતું.

કાવ્યમાંનો શિશુ તે કવિનો પુત્ર છે, તેમ જ પ્રત્યેક ભોળો મનુષ્ય પણ છે, કારણ કે આપણે સૌ પ્રભુનાં શિશુ જ છીએ.

મંગલ મંદિર ખોલો
દયામય,
મંગલ મંદિર ખોલો..............ટેક૦

જીવન વન અતિ વેગે વટાવ્યું
દ્વાર ઊભો શિશુ ભોળો
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો
શિશુને ઉરમાં લ્યો લ્યો.......... ૧

નામ મધુર તમ રટ્યો નિરંતર
શિશુ સહ પ્રેમે બોલો
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક
પ્રેમ અમિરસ ઢોળો.................. ૨

Vaishanava Jana

Vaishnava jana to tene re kahiye
je peed parayee jaane re
para dukkhe upakar kare toye
mana abhimaan na aane re—Vaishnava

sakal lok man sahune vande
ninda na kare keni re
vaach kaach man nischal raakhe
dhana dhana janani teni re—Vaishnava

sama drushti ne trushna tyaagi
parastree jene maat re
jihvaa thaki asatya na bole
par dhan nav jhaale haath re—Vaishnava

moh maya vyape nahin jene
drudh vairaagya jena manman re
raam naam shun taali re laagi
sakal teerath tena tanman re—Vaishnava

vana lobhi ne kapat rahit chhe
kaam krodh nivaryan re
bhane narsainyo tenu darshan karatan
kool ikoter taaryaan re—Vaishnava

વૈષ્ણવજન

વૈષ્ણવજન તો તેને રે કહીએ
જે પીડ પરાઈ જાણે રે
પરદુ:ખે ઉપકાર કરે તોયે
મન અભિમાન ન આણે રે—વૈષ્ણવ

સકળલોકમાં સહુને વન્દે
નિંદા ન કરે કેની રે
વાચ કાછ મન નિશ્ચ્છલ રાખે
ધન ધન જનની તેની રે—વૈષ્ણવ

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી
પરસ્ત્રી જેને માત રે
જિહ્વા થકી અસત્ય ન બોલે
પરધન નવ ઝાલે હાથ રે—વૈષ્ણવ

મોહ માયા વ્યાપે નહીં જેને
દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામનામ શું તાલી રે લાગી
સકળ તીરથ તેના તનમાં રે—વૈષ્ણવ

વણ લોભી ને કપટરહિત છે
કામ ક્રોધ નિવાર્યાં રે
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં
કુળ ઈકોતેર તાર્યાં રે—વૈષ્ણવ

Jheeni-Jheeni Beeni Chadariya

THE HUMAN FORM, OUR PHYSICAL BODY, THAT IS, IS A PRICELESS LITTLE GIFT FROM THE CREATOR. IT IS AN INTRICATELY WOVEN LITTLE SHEET, EMBROIDERED WITH GREAT CARE. THE CREATOR GIVES THIS CLEAN LITTLE TO A PERSON AT THE TIME OF ITS BIRTH. THOUGHTLESS PERSONS MISUSE IT AND INDULGE IN VARIOUS VICES: SMEAR AND SOIL THIS WONDERFUL GIFT. CAREFUL PEOPLE TAKE GOOD CARE OF IT AND AT THE END OF THE LIFE RETURN IT TO THE CREATOR WITHOUT A BLEMISH.

THIS POEM BY SANT KABIR HAS MULTIPLE MEANING. WHAT ONE MAKES OF IT DEPENDS ON ONE'S OWN WAY OF THINKING.

Jheeni Jheeni Beeni Chadarya —— Repeat

Kahe ke tana, kahe ke bharani
Kaun taarse beeni chadariya—1

Ingala pingala tana bharni
sushman taar se beeni chadariya—2.

aath kanwal das charkhaa dole,
paanch tatt, gun teeni chadariya—3

Sainko seeyat maas das lage
thok thok ke beeni chadariya-4

So chadar sur nar muni odhi
odhi ke maili keeni chadariya—5

Daas Kabir jatanse odhi
Jyonki tyon dhari deeni chadariya—6

ઝીની ઝીની બિની ચદરિયા

શરીર રૂપી ચાદર ભગવાને નવ માસ મહેનત કરીને બનાવી છે. એમાં ઈંગિલા, પીંગલા નામની નાડીઓના તાણાવાણા છે, . આઠ કમળના બુટ્ટાઓ સોહે છે. પાંચ તત્વો તથા ત્રણ ગુણ વડે તેને ભાતીગળ બનાવવામાં આવી છે.

એ ચાદરને મૂર્ખ લોકો બેદરકારીથી વાપરે છે, એમાં વિષય, વિકારીના ડાઘ પાડે છે, અને પ્રભુને મેલી કરીને આપે છે. કબીર જેવા સમજુ માણસો એને જતનથી ઓઢે છે, જરા ય મેલી થવા દેતા નથી અને સાંઈ, એટલે ભગવાનને પાછી આપતી વખતે એવી ને એવી સાફ ચાદર પાછી આપે છે. નિર્વિકાર, અને સ્વચ્છ શરીર આત્મકલ્યાણનું સાધન છે.

ઝીની ઝીની બિની ચદરિયા.........ટેક

કાહેકે તાના, કાહેકે ભરની
કૌન તારસે બિની ચદરિયા..................૧

ઈંગલા પિંગલા તાના ભરની
સુષમન તારસે બિની ચદરિયા..........૨

આઠ કંવલ દસ ચરખા ડોલે
પાંચ તત્ત ગુન તિની ચદરિયા ૩

સાંઈકો સીયત માસ દસ લાગે
ઠોક ઠોકકે બિની ચદરિયા......................૪

સો ચાદર સુર નર મુનિ ઓઢી
ઓઢીકે મૈલી કીની ચદરિયા................૫

દાસ કબીર જતનસે ઓઢી
જ્યોંકી ત્યોં ધરિ દીની ચદરિયા ૬

ek ja de chingaari

BUT ONE SPARK OF SELF-AWARENESS IS ENOUGH TO ENLIGHTEN A PERSON FOR LIFE. THE POET URGES THE MAJESTIC FIRE THE LORD TO SEND JUST ONE SPARK OF KNOWLEDGE HIS WAY SO HE CAN ENLIGHTEN HIS LIFE.

ek ja de chingaari mahaanala
ek ja de chingaari—repeat

chakmak lodhun ghastan ghastan
kharchi jindagi saari
jaamgariman tankho na padyo
na fali mehnat maari—1

chando salagyo sooraj salagyo
salagi aabh ataari
naa salagi ek sagadi maari
vaat vipatni bhaari—2

thandiman muj kaya thathare
khooti dheeraj maari
vishvaanal hun adhik na maagun
maagun ek chingaari—3

એક જ દે ચિનગારી

માણસના મનની મૂઢતા રૂપી અંધકાર દૂર કરવા કેવળ એક ચિનગારી જ પૂરતી છે. એક જ ચિનગારી વડે આદમીની ચેતનાની આતશ ઝળહળી ઊઠે છે. એ ચિનગારી જ્ઞાનની છે. એવા દિવ્ય જ્ઞાનની એક ચિનગારીની માગણી કવિ પ્રભુ પાસે કરે છે.

એક જ દે ચિનગારી મહાનલ
એક જ દે ચિનગારી...............................ટેક

ચકમક લોઢું ઘસતાં ઘસતાં
ખરચી જિન્દગી સારી
જામગરીમાં તણખો ન પડ્યો
ન ફળી મહેનત મારી...............................૧

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો
સળગી આભઅટારી
ના સળગી એક સગડી મારી
વાત વિપતની ભારી...............................૨

ઠંડીમાં કાયા થથરે
ખૂટી ધીરજ મારી
વિશ્વાનલ હું અધિક ન માગું
માગું એક ચિનગારી...............................3

sukh dukh man maan na aaniye

sukha dukha mananman na aaniye
Ghata saathe re Ghadiyan
taalyaan te koi nan nava tale
Raghunaathnan jadiyan—sukha

nala raajaa sarakho nar nahin
jene damayanti raani
adadhe vastre vanaman bhamyan
na malyaan anna ke paani—sukha

paanch pandav sarakha bandhavaa
jeni draupadi raani
baar varasa vana bhogavyan
nayane nidra na aani—sukha

seeta sarakhi sati nahin
jena raamji svami
raavan tene hari gayo
sati maha dukh paami—sukha

સુખદુખ મનમાં ન આણીએ

સુખદુખ મનમાં ન આણીએ
ઘટ સાથે રે ઘડિયાં
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે
રઘુનાથનાં જડિયાં—સુખ૦

નળરાજા સરખો નર નહીં
જેની દમયંતી રાણી
અડધે વસ્ત્રે વનમાં ભમ્યાં
ન મળ્યાં અન્ન કે પાણી—સુખ૦

પાંચ પાંડવ સરખા બંધવા
જેને દ્રૌપદી રાણી
બાર વરસ વન ભોગવ્યાં
નયણે નિદ્રા ન આણી—સુખ૦

સીતા સરખી સતી નહીં
જેના રામજી સ્વામી
રાવણ તેને હરી ગયો
સતી મહાદુખ પામી—સુખ૦

Raavan sarakho raajiyo
jeni mandodari raani
das mastak chhedai gayan
badhi lanka lootani—sukha

harishchandra raaja satvadiyo
jeni taramati raani
tene vipatti bahu padi
bharyan nich gher paani—sukha

sarva koine jyaare bhid padi
samarya antaryaami
bhavat bhaangi bhoodhre
mehta narsaina svaami—sukha

રાવણ સરખો રાજિયો
જેની મંદોદરી રાણી
દસ મસ્તક છેદાઈ ગયાં
બધી લંકા લુટાણી—સુખ૦

હરિશ્ચન્દ્ર રાજા સત્વાદિયો
જેની તારામતી રાણી
તેને વિપત્તિ બહુ પડી
ભર્યાં નીચ ઘેર પાણી—સુખ૦

સર્વ કોઈને જ્યારે ભીડ પડી
સમર્યા અંતર્યામિ
ભાવટ ભાંગી ભૂધરે
મહેતા નરસૈંના સ્વામી—સુખ૦

•

narayan nu naam ja letan

A PRAYER IS THE BEST WAY TO ACHIEVE PHYSICAL WELL-BEING. IT IS WISE, THEREFORE, TO AVOID ANYONE OR ANYTHING THAT TAKES ONE AWAY FROM A PRAYER.

NARSINH MEHTA IS THOUGHT OF AS THE FIRST AND THE GREATEST OF POETS IN OUR GUJARATI LANGUAGE. THE FOLLOWING BHAJAN IS AN EXAMPLE OF HIS DEVOTIONAL POEMS.

narayannu naamaj letan,
vare tene tajiye re
manasa vacha karmana karine,
laxmivarne bhajiye re—1

kulne tajiye, kutumbne tajiye,
tajiye maa ne baap re
bhagini sut daarane tajiye,
jem taje kanchuki saap re—2

pratham pita prahlade tajiyo,
nav tajiyun hari naam re
bharat shtrughne taji janeta,
nav tajiya shree raam re—3

wrushi patni shree hari ne kaaje
tajiya nij bharthaar re
tema tenun kaimye na gayun,
paami padarath chaar re—4

vraj vanita vitthalne kaaje,
sarva taji ne chaali re
bhane narsainyo vrundaavanman,
mohan saathe mahali re—5

નારાયણનું નામ જ લેતાં

હરિ સ્મરણ તે આત્મ કલ્યાણનો માર્ગ છે. એ માર્ગથી જે આપણને રોકે તેનો ત્યાગ કરવાનું નરસિંહ મહેતા સૂચવે છે.

નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે
મનસા, વાચા, કર્મણા કરીને લક્ષ્મીવરને ભજીએ રે—૧

કુળને તજીએ કુટુંબને તજીએ તજીએ મા ને બાપ રે
ભગિની સુત, દારાને તજીએ જેમ તજે કંચુકી સાપ રે—૨

પ્રથમ પિતા પ્રહલાદે તજીઓ નવ તજિયું હરિનામ રે
ભરત શત્રુઘ્ને તજી જનેતા નવ તજીઆ શ્રી રામ રે—૩

ઋષિપત્નિ શ્રી હરિને કાજે તજીઆ નિજ ભરથાર રે
તેમાં તેનું કાંઈ એ ન ગયું, પામી પદારથ ચાર રે—૪

વ્રજવનિતા વિઠ્ઠલને કાજે સર્વ તજીને ચાલી રે
ભણે નરસૈંયો વૃન્દાવનમાં મોહન સાથે મ્હાલી રે—૫

Junun to thayun re Deval

THIS BODY IS DESTINED TO PERISH, THE SOUL IS ETERNAL. THIS BHAJAN BY MEERABAI, THE GREATEST POETESS OF GUJARATI LANGUAGE, SINGS OF THE AGING BODY AND SOUL THAT RESIDES IN IT.

Junu to thayun re Deval
Junu to thayun
maaro hanslo nano ne Deval
Junu to thayun—repeat

aare kaaya re hansa
Dolavane laagi re
padi gaya Dant
maanhyali rekhun to rahyun—1
taare ne maare hansa
preetyun bandhaani re
udi gayo hans
peenjar padi to rahyun—2
Baai meera kahe chhe prabhu
giriDharna gun
premno pyalo tamne
paavun ne piyun—3

જૂનું તો થયું રે દેવળ

આ નાશવંત શરીરમાં અવિનાશી આત્માનો વાસ છે. જન્મથી તે મરણ સુધી શરીરમાં ફેરફાર થયા જ કરે છે. જેમાં કંઈ ફેરફાર થતો નથી તેવો તો માત્ર આત્મા જ છે. આ ભજનમાં શરીરને દેવળની ઉપમા અપાઈ છે. અને એમાં વસતા આત્માને હંસલો કહ્યો છે. આ ભજન મીરાબાઈનું છે.

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું—ટેક

આ રે કાયા રે હંસા ડોલવાને લાગી રે,
પડી ગયા દાંત માંયલી રેખું તો રહ્યું—૧
તારે ને મારે હંસા પ્રીત્યું બંધાણી રે,
ઊડી ગયો હંસ, પીંજર પડી તો રહ્યું—૨
બાઈ મીરા કહે છે પ્રભુ ગિરિધરના ગુણ,
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં—૩

Bol maa Bol maa Bol maa Re

THIS BHAJAN IS ALSO BY MEERABAI. THE ONLY PURPOSE OF THIS LIFE IS TO PRAY TO GOD. THINGS THAT KEEPS US AWAY FROM THE WORSHIP SHOULD BE AVOIDED. THE WORLDLY RELATIONSHIPS AND BELONGINGS KEEP OUR MINDS AWAY FROM THIS PURPOSE—THEY SHOULD BE SHUNNED.

Bol ma Bol ma Bol ma Re
Radhaa krushna vina Bijun Bol ma—Repeat

Sakar sheldino swad tajee ne
kadvo te leemdo ghol ma Re—1

chandaa soorajnun teja tajee ne
aagiya sangaathe preet jod ma Re—2

heera manek ne jhaver tajee ne
kathir sangaathe mani tol ma Re—3

meera kahe prabhu giridhar nagar
shareer aapyun samtolma Re—4

બોલ મા બોલ મા બોલ મા રે

મનુષ્યજન્મનો હેતુ હરિભક્તિ કરવાનો છે. મીરાબાઈ કહે છે કે જીવનમાં જે જે વસ્તુ, વ્યક્તિ કે વિચાર આપણને ભક્તિથી વેગળાં કરે તે બધાંથી દૂર રહેવું. ભક્તિની સરખામણીમાં બીજું બધું ફીકકું અને નિર્માલ્ય છે.

બોલ મા, બોલ મા, બોલ મા રે
રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા—ટેક

સાકર, શેલડીનો સ્વાદ તજીને
કડવો તે લીમડો ઘોળ મા રે—૧

ચાંદા સૂરજનું તેજ તજીને
આગિયા સંગાથે પ્રીત જોડ મા રે—૨

હીરા માણેક ને ઝવેર તજીને
કથીર સંગાથે મણિ તોલ મા રે—૩

મીરા કહે પ્રભુ ગિરિધર નાગર
શરીર આપ્યું સમતોલમાં રે—૪

●

harine Bhajatan haji

GOD LOOKS AFTER THOSE WHO THINK OF HIM. NO ONE HAS EVER LOST ONE'S FACE IN THE COURSE OF WORSHIP: INDEED, THOSE WHO WORSHIP HIM COME OUT WITH FLYING COLORS FROM THE BATTLES OF LIFE.

harine Bhajtaan haji koini laaj
jatan nathi jaani re
jeni surataa shamaliyane saath
vade vedvaani re—repeat

vhaale ugaryo prahlaad
hiranakans maaryo re
vibheeshanne aapyun raaj
raavan sanharyo re—1

vhale narsinh mehtane haar
haathohaath aapyo re
dhruvne aapyun avichal raaj
potano kari thaapyo re—2

vhale meera te baainan jher
halaahal peedhan re
panchaalinan pooryan cheer
paandav kaam keedhan re—3

aavo hari bhajavaano lhaavo
bhajan koi karashe re
kar jodi kahe premaldaas
bhaktonan dukh harshe re—4

હરિને ભજતાં હજી

સુરતા એટલે ચિત્તવૃત્તિ. જેની સુરતા હંમેશાં શામળિયા અર્થાત ભગવાનની સાથે છે તેના યોગક્ષમની ચિંતા પ્રભુ કરે છે. એટલે જો કોઈ પ્રભુભજન સિવાય બીજું કંઈ ન કરે તો યે એને કોઈ મુશ્કેલી નડતી નથી, કે એની આબરુ જતી નથી.

હરિ ને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે
જેની સુરતા શામળિયાને સાથ, વદે વેદ વાણી રે—ટેક૦

વ્હાલે ઊગાર્યા પ્રહલાદ, હિરણાકંસ માર્યો રે
વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે—૧

વ્હાલે નરસિંહ મહેતાને. હાર, હાથો હાથ આપ્યો રે
ધ્રુવને આપ્યું અવિચલ રાજ, પોતાનો કરી થાપ્યો રે—૨

વ્હાલે મીરા તે બાઈનાં ઝેર હળાહળ પીધાં રે
પાંચાલીનાં પૂર્યાં ચીર પાંડવ કામ કીધાં રે—૩

આવો હરિ ભજવાનો લ્હાવો ભજન કોઈ કરશે રે
કર જોડી કહે પ્રેમળદાસ, ભકતોનાં દુ:ખ હરશે રે—૪

hari no marag

THIS BHAJAN IS BY PREEAMDAS, BASED ON A THOUGHT IN THE UPANISHAD. THE WAY TO GOD IS ONLY FOR THE BRAVE, THE COWARDS HAVE NO PLACE IN THE QUEST OF GOD. BRAVES ARE THE ONES WHO CAN GIVE UP THE WORLDLY TYINGS AND THE COWARDS ARE THE ONES WHO BECOME POSSESSED BY GREED.

harino marag chhe shoorano,
nahin kayarnu kaam jo ne
partham pahelun ,mastak mooki,
valti levun naam jo ne—1

sut vit dara sheesh samarpe,
te paame ras peeva jo ne
sindhu madhye moti levaa
mahin padyaa marjeeva jo ne—2

maran aangame te bhare mutthi,
dilni dugdha vaame jo ne
teere ubha juve tamaasho
te kodi nav paame jo ne—3

prem panth paavak ni jvaala
bhaali pachha bhaage jo ne
mahin padyaa te maha sukh mane
dekhanhara daajhe jo ne—4

mathaa saate monghi vastu,
sanpadavi nahin sahel jo ne
mahapad paamya te marjeeva
mooki manano mel jo ne—5

raam amalman raata maata
poora premi parkhe jo ne
preetamna svamini leela,
te rajnidin nirkhe jo ne-6

હરિનો મારગ

આ ભજન પ્રીતમદાસનું છે.

હરિને ભજવાનો માર્ગ, સારા માણસ, હરિના માણસ બની જીવવાનો માર્ગ સહેલો નથી. માયાલાલચુ માણસ એ માર્ગે નહીં ચાલે, કારણ કે મોહ, માયા, મમતાનો ત્યાગ કરવો કઠિન છે. એ માર્ગે તો શૂરા, એટલે મનના કઠણ, કાયર નહીં તેવા માણસનું જ કામ છે.

હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને
પરથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જોને—૧

સુત વિત દારા શીશ સમર્પે તે પામે રસ પીવા જોને
સિંધુ મધ્યે મોતી લેવા માંહી પડ્યા મરજીવા જોને—૨

મરણ આંગમે તે ભરે મુઠ્ઠી દિલની દુગ્ધા વામે જોને
તીરે ઊભા જુએ તમાશો તે કોડી નવ પામે જોને—૩

પ્રેમપંથ પાવકની જ્વાળા ભાળી પાછા ભાગે જોને
માંહી પડ્યા તે મહાસુખ માણે દેખનહારા દાઝે જોને—૪

માથા સાટે મોંઘી વસ્તુ સાંપડવી નહીં સ્હેલ જોને
મહાપદ પામ્યા તે મરજીવા મૂકી મનનો મેલ જોને—૫

રામ અમલમાં રાતામાતા પૂરા પ્રેમી પરખે જોને
પ્રીતમના સ્વામીની લીલા તે રજનીદિન નરખે જોને—૬

maari naad tamaare haathe

THIS BIRTH AND ALL THAT WE HAVE TO DO TO STAY ALIVE IS A CONDITION WE SHOULD CORRECT. THE CYCLE OF BIRTHS IS AN AILMENT ONLY GOD CAN CURE US FROM. LET US THEREFORE SURRENDER TO GOD.

maari naad tamare haathe
hari sambhaljo re
mujne potano jaanine
prabhupad paaljo re—repeat

pathyapatya nathi samjaatun
dukh sadaiv rahe ubhratun
mane hashe shun thaatun
naath nihaljo re—1

anaadi aap vaidya chho saachaa
koi upaay vishe nahin kaacha
divas rahya chhe tancha
vela vaaljo re—2

vishesvar shun haji visaaro
baaji haath chhatan kaan haaro
maha mujharo maro
natvar taaljo re—3

keshav hari maarun shu thaashe
ghaan valyo shu gadh gheraashe
laaj tamari jaashe
bhudhar bhaaljo re—4

મારી નાડ તમારે હાથે

ભવરોગ, એટલે વારંવાર જન્મ લેવો અને મરવું તે રોગ. મટાડવો હોય તો હરિ રૂપી વૈદ પાસે જવું પડે. પ્રેમપૂર્વક, આજીજીપૂર્વક, હકીકત કહેવી પડે. આ ભજનમાં તે વાત કહી છે.

મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે
મુજને પોતાનો જાણીને પ્રભુપદ પાળજો રે—ટેક૦

પથ્યાપથ્ય નથી સમજાતું
દુ:ખ સદૈવ રહે ઉભરાતું
મને હશે શું થાતું નાથ નિહાળજો રે—૧

અનાદિ આપ વૈદ છો સાચા
કોઈ ઉપાય વિષે નહીં કાચા
દિવસ રહ્યા છે ટાંચા વેળા વાળજો રે—૨

વિશ્વેશ્વર શું હજી વિસારો
બાજી હાથ છતાં કાં હારો
મહા મૂંઝારો મારો નટવર ટાળજો રે—૩

કેશવ હરિ મારું શું થાશે
ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે
લાજ તમારી જાશે ભૂધર ભાળજો રે—૪

•

nahi re visaarun hari

MEERABAI FANCIES KRUSHNA AS HER HUSBAND—INDEED, THE HUSBAND OR THE CONTROLLER OF THE ENTIRE UNIVERSE THAT HE IS. PUTTING HERSELF IN THE ROLE OF ONE OF THE GOPIS, MEERA SPEAKS OF THE GREATEST LOVER OF THEM ALL, SHREE KRIUSHNA.

nahin re visaarun hari
antar maanthi nahin re visaarun hari—
repeat

jal jamunaanaa paani re jaatan
shir par matuki dhari—1

aavtan ne jaatan maarag vachche
amulakh vastu jadi—2

aavtan ne jaatan vrinda te vanman
charan tamare padi—3

peelan peetaamber jarkshi jaama
kesar aad kari—4

mor mukut ne kaane kundal
mukh par murli dhari—5

bai meera kahe prabhu giridharna gun
vitthal varne vari—6

નહિ રે વિસારું હરિ

હરિને પતિ માની મીરાબાઈ પ્રેમ લક્ષણા ભક્તિ આ પદમાં વર્ણવે છે. મીરાબાઈ કહે છે. કે જેમ ગોપીઓ કૃષ્ણના રૂપ પાછળ ગાંડી થયેલી તેમ તેને પણ મુરલીધરનું ઘેલું લાગ્યું છે.

નહિ રે વિસારું હરિ
અંતરમાંથી નહિ રે વિસારું હરિ—ટેકo

જલ જમુનાનાં પાણી રે જાતાં
શિર પર મટુકી ધરી—૧

આવતાં ને જાતાં મારગ વચ્ચે
અમૂલખ વસ્તુ જડી—૨

આવતાં ને જાતાં વૃન્દા તે વનમાં
ચરણ તમારે પડી—૩

પીળાં પીતાંબર જરકશી જામા
કેસર આડ કરી—૪

મોરમુકુટ ને કાને કુંડલ
મુખ પર મુરલી ધરી—૫

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ
વિઠ્ઠલ વરને વરી—૬

•

Shreeji Baava Deen Dayalaa

Shreeji Baava Dindayala
Bhakta tamaro jaanjo
Hari gun gaataan dosh pade to
seva amaari maanajo...1

hun aparaadhi kaain na samajyo
naam tamaran apaar chhe
aa daas upar daya karo to
gunalan tamaran gaay chhe...2

o dinbandhu o re dayaalu o re krupaalu
prarthanaa karun chhun kargrayi
aa daas upar prabhu tamo daya karo to
dejo janma na fari fari bhagvaan...3

o gokulvaasi vainkunthvaasi
buddhi amaari sudharjo
aa janma maran nan bandhan chhute
evi bhakti amone aapjo...4

ant same prabhu daya karine
darshan deva aavjo
aa daas upar prabhu tamo daya karo to
charankamalman raakhjo...5

hari oum hari oum hari oum

શ્રીજી બાવા દીનદયાળા

શ્રીજી બાવા દીનદયાળા
ભક્ત તમારી જાણજો
હરિગુણ ગાતાં દોષ પડે તો
સેવા અમારી માનજો...૧

હું અપરાધી કાંઈ ન સમજ્યો
નામ તમારાં અપાર છે
આ દાસ ઉપર દયા કરો તો
ગુણલાં તમારાં ગાય છે...૨

ઓ દીનબંધુ ઓ રે દયાળુ ઓ રે કૃપાળુ
પ્રાર્થના કરું છું કર ગ્રહી
આ દાસ ઉપર પ્રભુ તમો દયા કરો તો
દેજો જન્મ ન ફરી ફરી ભગવાન...૩

ઓ ગોકુલવાસી, વૈકુંઠવાસી
બુદ્ધિ અમારી સુધારજો
આ જન્મમરણનાં બંધન છૂટે
એવી ભક્તિ અમોને આપજો...૪

અંત સમે પ્રભુ દયા કરીને
દર્શન દેવા આવજો
આ દાસ ઉપર પ્રભુ તમો દયા કરો તો
ચરણકમળમાં રાખજો...૫

હરિ ૐ હરિ ૐ હરિ ૐ

sant samaagam

sant samagam shun kare re
avgun chhe potani manhya
machchhi gandh mooke nahi re
jo ahonish paanimain nhay
patthar rahe chhe paani man re bhaai
agni nav holay
Bhala re raama ! ...agni nav holaay—sant
adhaar jaatni vanaspati to
varsya mehe leeli thaay
megh bicharo shu kare re bhaai
jalchar jo sukaay
Bhala re raamaa...jalachar jo sookaay—san.

jhingodo dudh piye nahin ne
rudhir peeva jaay
avguniya par gun karo re bhaai
antaa loonman jaay
Bhala re raamaa..antaloonman jaay—sant.

chhala rehta chaarni man ne
lot nikali jaay
kahe preetam jenu hruday kaanu re bhaai
raam ras nikli jaay
Bhala re raamaa...raam ras nikli jaay—sant.

સંત સમાગમ

સંત સમાગમ શું કરે રે,
અવગુણ છે પીતાની માંય
મચ્છી ગંધ મૂકે નહીં રે,
જો અહોનિશ પાનીમૈં ન્હાય
પથ્થર રહે છે પાણીમાં રે
ભાઈ, અગ્નિ નવ હીલાય,
ભલા રે રામા !...અગ્નિ નવ હીલાય...સંત૦

અઢાર જાતની વનસ્પતિ તી
વરસ્યા મેહ લીલી થાય
મેઘ બિચારો શું કરે રે
ભાઈ, જળચર જો સુકાય
ભલા રે રામા !...જળચર જો સુકાય...સંત૦

ઝીંગોડી દૂધ પીએ નહીં ને
રુધિર પીવા જાય
અવગુણિયા પર ગુણ કરી રે ભાઈ,
ભાઈ આંટા લૂણમાં જાય
ભલા રે રામા !...આંટા લૂણમાં જાય...સંત૦

છાલાં રહેતાં ચારણીમાં ને
લોટ નીકળી જાય
કહે પ્રીતમ જેનું હ્રદય કાણું રે
ભાઈ રામરસ નીકળી જાય
ભલા રે રામા !...રામરસ નીકળી જાય...સંત૦

•

Jo ne vichaari tun jeevadaa

A TRUE FRIEND, OR A TRUE RELATIVE, IS THE ONE WHO HELPS A PERSON GET TO KNOW HIMSELF. ALL OTHER, THAT IS THOSE WHO DETER US FROM REALIZING WHO WE ARE AND WHAT WE ARE ARE NOT TRUE FRIENDS OR RELATIVES. A GOOD GURU HELPS A PERSON FIND ONESELF AND HENCE A GURU IS A TRUE FRIEND, PHILOSOPHER AND GUIDE.

jo ne vichari tun jivda,
shaa sukhman mohi rahyo jee — repeat

aavyo tyaare tun eklo,
jaatan ekla jaavun jee
vachmain sambabndh shaa kaamna,
maayajaalmen bandhayo jee—1

maarun maarun shun kari rahyo,
nahi male taahrun aa tan jee
jootha re putra ne premdaa,
jootho bhavno bhandaar jee—2

dhan re malyano dharma e ja chhe,
je kaain haathe vaparaay jee
anta same sahu meli jashe,
palmain thashe re paraayo jee—3

jam re joravar layee jashe,
melshe choryasi men theli jee
daroon dukh janma marannu,
tyan kon taaro belee jee—4

જો ને વિચારી તું જીવડા

પદ સરળ છે અને ઉપદેશ સચોટ છે. સાચો સંબંધી આ જગતમાં કોણ ? જે આત્મદર્શન કરાવી શકે તે સાચો સંબંધી. કુટુંબીઓ કે અન્ય સગાં નહીં. સદ્‌ગુરુ જ સાચો સંબંધી અને સંગાથી.

જોને વિચારી તું જીવડા, શા સુખમાં મોહી રહ્યો જી...ટેક૦

આવ્યો ત્યારે તું એકલો, જાતાં એકલા જાવું જી
વચમેં સંબંધ શા કામના માયાજાળમેં બંધાયો જી...૧

મારું મારું શું કરી રહ્યો, નહીં મળે તાહરું આ તન જી
જૂઠા રે પુત્રને પ્રેમદા, જૂઠો ભવનો ભંડાર જી...૨

ધન રે મળ્યાનો ધર્મ એ જ છે, જે કાંઈ હાથે વપરાય જી
અંત સમે સહુ મેલી જશે, પલમેં થશે રે પરાયો જી...૩

જમ રે જોરાવર લઈ જશે, મેલશે ચોર્યાસીમેં ઠેલી જી
દારુણ દુખ જન્મ મરણનું ત્યાં કોણ તારો બેલી જી...૪

saachun sagpan hariguru santnu,
jeevne jaalmenthi kaadhe jee
sukh re aapine dukh door kare,
paribrahmane bhetaave jee—5

maani shake to tun maanje
levo manshano lahavo jee
daas kabir sachun kahe,
fari nahin male aavo daav jee—6

સાચું સગપણ હરિગુરુ સંતનું જીવને જાલમાંથી કાઢે જી
સુખ રે આપીને દુખ દૂર કરે, પરિબ્રહ્મને ભેટાવે જી...૫

માની શકે તો તું માનજે લેવો મનષાનો લહાવો જી
દાસ કબીર સાચું કહે, ફરી નહીં મળે આવો દાવ જી...૬

●

Jaa kul mein koi

BRAHMA, THE POWER SUPREME BEHIND THE UNIVERSE, IS THE ONLY REAL ENTITY, AND EVERYTHING ELSE THAT WE SEE OR PERCEIVE IS BUT AN ILLUSION, THUS SPAKE SHANKARACHARYA, THE GREAT SAGE AND THINKER. THE SAGE FURTHER PROPOUNDS, THAT THE WORLD IS FULL OF MATERIAL THINGS THAT ENSNARL ONE IN THE ILLUSION OF OWNERSHIP; THE HUMAN RELATIONSHIPS AND ATTACHMENTS, TOO, ARE BUT CHAINS ONE WINDS AROUND ONESELF.

Jaa kul mein koi bhakta na kahave,
kulko kahan lajaave?
Garbha sahit unki maata
kyon na mar gayee, aisa beta na aave—Rep.

Joru ladka sabe miline
maaya maan laptave
paani valonese makhan nahi aave
tattva kahanse paave?—1

Baahar ujlaa, bheetar maila,
ghana svade gaave
preet binu pano nahin aave
mili mili vaachhru dhave—2

chhitthi patri bahut chalaave
koti dhajj kahave
jo deepakmen jale patanga
aise aap jalaave—3

sant sangatmen pal nahin aave
jamka dorya jaave
kahe kabir suno bhaai saadho
fir choryasi paave—4

જા કુલમેં કોઈ

બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે એ ભગવાન શંકરાચાર્યનું વચન ચરિતાર્થ કરવા માટે પ્રયત્ન ન કરે તે ભારતીય કહેવડાવવાને લાયક નથી. જગત તે માયાનું પરિણામ છે. તેથી જગત તરફની દૃષ્ટિથી માયાજાળ વધતી જાય છે. અન્તર્મુખતા કેળવાય તો જ આત્મકલ્યાણ સાધી શકાય અને મુકિત મળે.

જા કુલમેં કોઈ ભકત ન કહાવે કુલકો કહાં લજાવે ?
ગર્ભસહિત ઉનકી માતા કર્યાં ન મર ગઈ ઐસા બેટા ન આવે
—ટેક૦

જોરુ લડકા સબ મિલિને માયામાં લપટાવે
પાની વલોને સે મખ્ખન નહીં આવે તત્વ કહાંસે પાવે—૧

બાહર ઊજલા ભીતર મેલા ઘના સ્વાદે ગાવે
પ્રીત બિનુ પાની નહીં આવે મલી મલીવાછરુ ધાવે—૨

ચિઠ્ઠી પત્રી બહુત ચલાવે કોટી ધજ્જ કહાવે
જો દીપકમેં જલે પતંગા ઐસે આપ જલાવે—૩

સંત સંગતમેં પલ નહીં આવે જમકા દોર્યા જાવે
કહે કબીર સુનો ભાઈ સાધો, ફીર ચોર્યાસી પાવે—૪

•

Stuti

O ishvar bhajiye tane
motun chhe tuj naam
Gun tara nit gaaiye
thaay amaaran kaam...1

Het laavi hasaav tun
sadaa raakh dil saaf
Bhool kadi kariye ame
to prabhu karjo maaf...2

Prabhu etalun aapjo
kutumb poshan thaay
Bhukhya koi soove nahin
saadhu sant samaay...3

Atithi jhaankho nav pade
aashrit naa doobhaay
Je aave am aangane
aashish deto jaay...4

Svabhaav evo aapjo
sau ichchhe am hit
shatru ichchhe mitrata
padoshi ichchhe preet...5

Vichaar vani vartane
sauno paamun prem
sagaa snehi ke shatrunu
ichchhun kushal kshem...6

સ્તુતિ

ઓ ઈશ્વર ભજીએ તને .
મોટું છે તુજ નામ
ગુણ તારા નિત ગાઈએ
થાય અમારાં કામ...૧

હેત લાવી હસાવ તું
સદા રાખ દિલ સાફ
ભૂલ કદિ કરીએ અમે
તો પ્રભુ કરજો માફ...૨

પ્રભુ એટલું આપજો
કુટુંબ પોષણ થાય
ભૂખ્યા કોઈ સૂવે નહીં
સાધુસંત સમાય...૩

અતિથિ ઝાંખો નવ પડે
આશ્રિત ના દુભાય
જે આવે અમ આંગણે
આશીષ દેતો જાય...૪

સ્વભાવ એવો આપજો
સૌ ઈચ્છે અમ હિત
શત્રુ ઈચ્છે મિત્રતા
પડોશી ઈચ્છે પ્રીત...૫

વિચાર વાણી વર્તને
સૌનો પામું પ્રેમ
સગાં સ્નેહી કે શત્રુનું
ઈચ્છું કુશળક્ષેમ...૬

Jovaa aapi aankhdi,
saambhalavaa ne kaan
Jeebh banaavi bolavaa
bhalun karyun bhagvaan...7

O Ishvar tun ek chhe
sarjyo ten sansaar
Pruthvi paani parvato
ten keedha taiyaar...8

Taara saara shobhitaa
sooraj ne vali som
Te to saghla ten rachyaa
jabrun tarun jom...9

Amne aapyaan gnaan gun
teno tun dataar
Bole paapi pranio
e taro upakaar...10

Kaap klesh kankaas ne
kaap paap paritaap
Kaap kumati karuna kije
kaap kashta sukh aap...11

O Ishvar tamne namun
maagun jodi haath
Aapo saara gun ane
sukhman raakho saath...12

જોવા આપી આંખડી
સાંભળવાને કાન
જીભ બનાવી બોલવા
ભલું કર્યું ભગવાન... ૭

ઓ ઈશ્વર તું એક છે
સર્જ્યો તેં સંસાર
પૃથ્વી પાણી પર્વતો
તેં કીધા તૈયાર... ૮

તારા સારા શોભીતા
સૂરજ ને વળી સોમ
તે તો સઘળા તેં રચ્યા
જબરું તારું જોમ... ૯

અમને આપ્યાં જ્ઞાન ગુણ
તેનો તું દાતાર
બોલે પાપી પ્રાણીઓ
એ તારો ઉપકાર...૧૦

કાપ ક્લેશ કંકાસ ને
કાપ પાપ પરિતાપ
કાપ કુમતિ કરુણા કિજે
કાપ કષ્ટ સુખ આપ...૧૧

ઓ ઈશ્વર તમને નમું
માગું જોડી હાથ
આપો સારા ગુણ અને
સુખમાં રાખો સાથ...૧૨

man vaani ne haath thi
kariye saaran kaam
evi Buddhi do ane
paalo Baal tamaam...13

o ishvar Bhajiye tane
motun chhe tuj naam
Gun taran nit Gaaiye
thaay amaraan kaam...14

મન વાણી ને હાથથી
કરીએ સારાં કામ
એવી બુદ્ધિ દો અને
પાળો બાળ તમામ...૧૩

ઓ ઈશ્વર ભજીએ તને
મોટું છે તુજ નામ
ગુણ તારા નિત ગાઈએ
થાય અમારાં કામ...૧૪

•

shloka

oum saha naavavtu
sahanau Bhunaktu
saha veeryam karavavahai
tejasvi navdheetam astu
ma vidvishavahai
oum shanti—h shati—h shanti—h

(2)

tvameva mata cha pita tvameva
tvameva Bandhu—scha—sakha tvamev
tvameva vidya dravilam tvameva
tvameva sarvam mama deva deva

શ્લોક

ૐ સહ ના વવતુ
સહની ભુનક્તુ
સહ વીર્યં કરવાવહૈ
તેજસ્વિ નાવધીતમસ્તુ
મા વિદ્વિષાવહૈ

ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

(૨)

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બંધુશ્ચસખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વં મમ દેવ દેવ

Dhun

Satya naam Kabir
Satya naam Kabir
Gurudev Kabir
Gurudev Kabir
Aavo aavo re Kabir
Aavo aavo re Kabir
Bheed bhango re Kabir
Bheed bhango re Kabir
Darshan dejo re Kabir
Darshan dejo re Kabir
Satya naam Kabir
Satya naam Kabir

Ish Upanishad Mantra

Hari Oum
Poorna e chhe poorna aa chhe
Poornathi to poorna oogyun chhe badhun
Poornamaanthi poorna aapi do bhale
Shesh paachhal poorna rehvaanu sadaa
Oum shanti—h shanti—h shanti—h

ધુન

સત્ય નામ કબીર
સત્ય નામ કબીર
ગુરુદેવ કબીર
ગુરુદેવ કબીર
આવો આવો રે કબીર
આવો આવો રે કબીર
ભીડ ભાંગો રે કબીર
ભીડ ભાંગો રે કબીર
દર્શન દેજો રે કબીર
દર્શન દેજો રે કબીર
સત્ય નામ કબીર
સત્ય નામ કબીર

ઈશોપનિષદ મન્ત્ર

હરિ ૐ
પૂર્ણ એ છે, પૂર્ણ આ છે
પૂર્ણથી તો પૂર્ણ ઊગ્યું છે બધું
પૂર્ણમાંથી પૂર્ણ આપી દો ભલે
શેષ પાછળ પૂર્ણ રહેવાનું સદા
ૐ શાંતિ શાંતિ શાંતિ:

a popular aarti

THIS AARTI IS IN HINDI. REPEAT THE FIRST FOUR LINES AFTER EACH STANZA.

om jaya jagadeesh hare,
prabhu jaya jagadeesh hare,
bhakta janonke sankat,
kshanamen door kare ———— repeat

jo dhyaave fal paave,
dukh vinse manka
sukh sampad ghar aave,
kashta mite tanka—1

maat pita tum mere,
sharan grahun kiski
tum bin aur na dooja,
aas karun jiski—2

tum pooran parmatma,
tum antaryaami
param brahm parameshvar,
tum sabke svami—3

tum karunake saagar,
tum paalan-karta
mein sevak tum svaami,
kripa karo bharta—4

પ્રસિદ્ધ આરતી

ૐમ જય જગદીશ હરે પ્રભુ જય જગદીશ હરે
ભક્તજનોંકે સંકટ ક્ષણમેં દૂર કરે...ટેક૦

જો ધ્યાવે ફલ પાવે દુખ વિનસે મનકા
સુખ સંપદ ઘર આવે કષ્ટ મિટે તનકા...ૐમ૦

માત પિતા તુમ મેરે શરણ ગ્રહું કિસકી
તુમ બિન ઔર ન દૂજા આસ કરું જિસકી...ૐમ૦

તુમ પૂરણ પરમાત્મા તુમ અંતર્યામિ
પરમ બ્રહ્મ પરમેશ્વર તુમ સબકે સ્વામી...ૐમ૦

તુમ કરુણાકે સાગર તુમ પાલન કર્તા
મૈં સેવક તુમ સ્વામી કૃપા કરો ભર્તા...ૐમ૦

tum ho ek agochar,
sabke paanpati
kisbidh milun dayamay,
mein hoon apltamati—5

deenbandhu dukh-harta,
tum rakshak mere
karuna hasta badhavo,
sharan pada tere—6

vishay vikaar mitaavo,
paap haro deva
shraddha bhakti badhavo,
santanki sevaa—7
tan man dhan sab kuchh hai tera
teraa tuj ko arpan kyaa lage mera—8

તુમ હી એક અગોચર સબકે પ્રાણપતિ
કિસબિધ મિલું દયામય મૈં હૂં અલ્પમતિ...ઓમ૦

દીનબંધુ દુખહર્તા તુમ રક્ષક મેરે
કરુણા હસ્ત બઢાવો શરણ પડા તેરે...ઓમ૦

વિષય વિકાર મિટાવો પાપ હરો દેવા
શ્રદ્ધા ભક્તિ બઢાવો સંતનકી સેવા...ઓમ૦

તન મન ધન સબ કુછ હૈ તેરા
તેરા તુજકો અર્પણ કયા લાગે મેરા...ઓમ૦

●

the ten avataars or incarnations

Jay Jaadav Raya Prabhushri
madhav Raya (2)
aarti kariye karunanandan (2)
vyaape nirmaya..Jaydev

prathame machh tano avatar
maryo shankhasur paapi (2)
chatura nandan dev (2)
ved viprone aapi..Jaydev

Beeje sur ne asur maliya
saagar mathvane kaaje (2)
vaansa par vavyo vindhyachal (2)
kachchhap maharaaje..............................Jaydev

treeje varaah roop damato
pruthvi ne paapi (2)
dradh grahi laavya varaahsur (2)
avani sthir sthaapi..Jaydev

chothe narsinhno avataar
Bhakta potano jaani (2)
nakhe kari vidaaryo narhar (2)
narsinhna svaami..Jaydev

panchame ati baliyo baldev
jethi surpati sau kaampe (2)
vamanroop dharyun maharaje(2)
Baline paataale chaampe........................Jaydev

chhatthe parashuraam avataar
farsi haatho maan leedhi (2)
sahsraarjun maari (2)
pruthvi naxatri keedhi..............................Jaydev

દશાવતારની આરતી

જય જાદવ રાયા પ્રભુશ્રી માધવ રાયા (૨)
આરતી કરીએ કરુણાનંદન (૨) વ્યાપે નિર્માયા ....જયદેવ

પ્રથમે મચ્છ તણો અવતાર, માર્યો શંખાસુર પાપી (૨)
ચતુરા નંદન દેવ (૨) વેદ વિપ્રોને આપી...જયદેવ

બીજે સુર ને અસુર મળિયા, સાગર મથવાને કાજે (૨)
વાંસા પર વાવ્યો વિંધ્યાચળ (૨) કચ્છપ મહારાજે.......જયદેવ

ત્રીજે વરાહરૂપ દમતો પૃથ્વીને પાપી (૨)
દાઢ ગ્રહી લાવ્યા વરાહસુર (૨) અવનિ સ્થિર સ્થાપી.જયદેવ

ચોથે નરસિંહનો અવતાર, ભકત પોતાનો જાણી (૨)
નખે કરી વિદાર્યો નરહર (૨) નરસિંહના સ્વામી.........જયદેવ

પાંચમે અતિ બળિયો બળદેવ, જેથી સુરપતિ સૌ કાંપે (૨)
વામનરૂપ ધર્યું મહારાજે (૨) બળિને પાતાળે ચાંપે.....જયદેવ

છઠ્ઠે પરશુરામ અવતાર, ફરસી હાથોમાં લીધી (૨)
સહસ્રાર્જુન મારી (૨) પૃથ્વી નક્ષત્રી કીધી......................જયદેવ

saatme raghuvanshi avataar
anand kaushalya paami (2)
panchvatiman vasia raaghav (2)
seetana svaami ....jaydev

aathme krushna tano avataar
krushne gokul gau chaari (2)
raakhyan gop govaal (2)
govardhan dhaari ....jaydev

navame buddha tano avataar
bhaar pruthvi par vaadhyo (2)
dhyan dhari betha dharni dhar (2)
jog jugat saadhyo ....jaydev

dashme kalki avataar
pruthvi na kalanki karasho (2)
malechchhne maari raaghavji (2)
sevak sukh desho ....jaydev

dashe avataarni aarti
je koi bhaav dhari gaashe (2)
bhane shivanand svaami (2)
sukh sampati thaashe ....jaydev

e aarti no moto mahima
surnar muni gaave (2)
moti pushpa vadhaave (2)
man vaanchchhit paave ....jaydev

•

સાતમે રઘુવંશી અવતાર, આનંદ કૌશલ્યા પામી (૨)
પંચવટીમાં વસિયા રાઘવ (૨) સીતાના સ્વામી........... જયદેવ

આઠમે કૃષ્ણ તણો અવતાર, કૃષ્ણે ગોકુળ ગૌ ચારી (૨)
રાખ્યાં ગોપ ગોવાળ (૨) ગોવર્ધન ધારી........................ જયદેવ

નવમે બુદ્ધ તણો અવતાર, ભાર પૃથ્વી પર વાઘ્યો (૨)
ઘ્યાન ધરી બેઠા ધરણીધર (૨) જોગ જુગત સાધ્યો..... જયદેવ

દશમે કલ્કિ અવતાર, પૃથ્વી ન કલંકી કરશો (૨)
મલેચ્છને મારી રાઘવજી (૨) સેવક સુખ દેશો............... જયદેવ

દશે અવતારની આરતી જે કોઈ ભાવ ધરી ગાશે (૨)
ભણે શિવાનંદ સ્વામી (૨) સુખ સંપતિ થાશે.............. જયદેવ

એ આરતીનો મોટો મહિમા સુરનર મુનિ ગાવે (૨)
મોતી પુષ્પ વધાવે (૨) મન વાંછિત પાવે .... જયદેવ

•



L. N. Sharma





મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ
એથીય મીઠી છે મારી માત રે
જનનીની જોડ જગે નહીં જડે રે લોલ

પરમ પૂજ્ય બા,

વર્ષો વીતી ગયાં અને વાતો વીસરી ગયાં. પરંતુ બા. તમારી યાદ દિલમાંથી ભૂંસાતી નથી. તમારી સ્મૃતિ કાયમી બનાવવા પુષ્પાંજલિ રૂપે આ આરતી-સંગ્રહ **ભકત સમાજના** તમામ પરિવારોને ભેટ. આપણી સાથે આપણાં સંતાનો પણ ગાઈ શકે એ હેતુથી ભજનોની સામે અંગ્રેજી લિપિવાચન પણ મૂક્યું છે. આશા છે, સૌને ઉપયોગી નીવડશે.

ભકત **સમાજ** આ પુણ્યકાર્ય માટે દાનની તક આપી એ બદલ **ભકત સમાજનાં** અમે સૌ આભારી છીએ. સૌને સાદર રામકબીર.

લિ.

મગનભાઈ ડાહ્યાભાઈ ભક્ત શાન્તાબહેનં મગનભાઈ ભક્ત
મહેન્દ્ર ડાહ્યાભાઈ ભક્ત ગુલાબબહેન મહેન્દ્રભાઈ ભક્ત
મધુસૂદન ડાહ્યાભાઈ ભક્ત ગીતાબહેન મધુસૂદન ભક્ત

રામીબહેન પ્રભુદાસભાઈ ભક્ત પ્રભુદાસભાઈ ગોકળભાઈ ભક્ત
મણિબહેન ભૂલાભાઈ ભક્ત ભૂલાભાઈ ખુશાલભાઈ ભક્ત
સુશીલાબહેન લલ્લુભાઈ ભક્ત લલ્લુભાઈ નાથુભાઈ ભક્ત
ના સાદર રામકબીર

About the front cover

Sita Mata was banished from her home by her husband Ramchandraji because a washerman made a suspicious remark about her years in Lanka when Ravana the demon had abducted her. Since the queen should be beyond even the appearence of suspicion, Rama decided to banish her from his kingdom.

Sita Mata made her home in the sage Valmiki's asharam in the forest. She coached her two sons there, on her own. The picture depicts her training the two youthful pupils.

We, too, are here, away from our home and have the responsibility to train our children by ourselves--make them aware of our heritage and traditions. The transliteration of some our beloved Bhajans will help our children sing those Bhajans along when we read in Gujarati.

Hence the picture--as a symbol of training our children, away from homeland.

PUBLISHED BY THE CHILDREN OF
SHRI DAHYABHAI HARIBHAI BHAKTA
IN THE FOND MEMORY OF THEIR MOTHER
LATE BENABEN DAHYABHAI BHAKTA, KAPURA

મુખપૃષ્ઠ વિષે

આ ભજનસંગ્રહ એક માતાની સ્મૃતિમાં પ્રકાશિત કરવામાં આવે છે--અને એના મુખપૃષ્ઠ ઉપર એક માતા--સીતા માતા--ની એમનાં બાળકો સાથેની છબિ છે. એક ધોબીના મહેણાથી રામચંદ્રજીએ સીતામાતાને વનમાં મોકલી આપેલાં અને સીતાજી ઋષિ વાલ્મિકીજીના આશ્રમમાં રહ્યાં. એમણે ત્યાં જ પોતાના બે પુત્ર લવ અને કુશ ઉછેર્યા તથા એમને શિક્ષણ આપ્યું. છબિમાં એવો એક પ્રસંગ પ્રસ્તુત છે, એક માતા એનાં બાળકોને શિક્ષણ આપે છે.

આપણે પણ સીતાજીની જેમ આપણા વતનથી વેગળાં એક 'વન'માં અહીં આવી ચડ્યાં છીએ. અહીં આપણા સંતાનોને આપણા વારસાનું, આપણી પરંપરાઓનું જ્ઞાન આપવું તે આપણી અંગત ફરજ બની રહે છે. આપણાં બાળકો આપણી સાથે ગાઈ શકે એ હેતુથી આ ભજનોનો પાઠ અંગ્રેજી લિપિમાં પણ આપ્યો છે. આપણી સંસ્કૃતિથી એમને વાકેફ કરવાની દિશામાં આ એક નાનકડો પ્રયાસ છે.

એટલે, વનમાં શિક્ષણના પ્રતીકરૂપે આ સંગ્રહના મુખપૃષ્ઠ પર આ છબિ મૂકી છે.

સ્વ. બેનાબેન ડાહ્યાભાઈ ભક્ત, કપૂરાના સ્મરણાર્થે
શ્રી ડાહ્યાભાઈ હરિભાઈ ભક્તના બાળકો અને પરિવાર તરફથી
આ સંગ્રહનું આયોજન કરવામાં આવ્યું છે.